# નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર.

## ભારત સરકારની પીપીપી યોજના તથા રાજ્ય પુરસ્કુત પીપીપી યોજના

ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તાલીમાર્થીઓને બદલાતી જતી ટેક્નોલૉજીને અનુરૂપ મલ્ટીસ્કીલ્ડ તાલીમ આપવા અને વિશ્વસ્તરીય મલ્ટીસ્કીલ્ડ વર્કફોર્સ તૈયાર કરવાના આશયથી રાષ્ટ્રની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરી સેન્ટર ઓફ એક્સેલન્સમાં રૂપાંતર કરવા માટેની જાહેરાત ભારત સરકારના ૨૦૦૪-૦૫ના અંદાજપત્રમાં કરવામાં આવી હતી. જેના ભાગ રૂપે ભારત સરકાર દ્વારા ૨૦૦૭-૦૮થી **અપગ્રેડેશન ઓફ ૧૩૯૬ ગવર્નમેંટ આઇ.ટી.આઇ. થ્રૂ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ** સ્કીમ શરૂ કરવામાં આવી છે.

આ યોજના અનુસાર સંબધિત ઔધોગિક તાલીમ સંસ્થા માટે ઈન્ડસ્ટ્રી પાર્ટનર નક્કી કરવાના હોય છે. આ ઇંન્ડસ્ટ્રી પાર્ટનરની ચેરમેનશીપ હેઠળ તેઓ નક્કી કરે તેવા ઉધોગોના ૦૪ પ્રતિનિધિ અને સરકારશ્રીના 06 સભ્યો મળી કુલ ૧૦ સભ્યોની ઇન્સ્ટીટ્યુટ મેનેજમેંટ કમિટી (IMC) હોય છે. આ IMC સોસાયટી એક્ટ હેઠળ રજિસ્ટર્ડ હોય છે અને તેના બેન્ક ખાતામાં સરકારનું ફંડ જમા થાય છે. સદર ફંડમાંથી સંબધિત સંસ્થાના અપગ્રેડેશન માટે IMCને ભારત સરકારની ગાઈડ લાઇન અનુસાર જરૂરી નાણાંકીય તથા વહીવટી સ્વાયત્તતા આપવામાં આવેલ છે.

ભારત સરકારની **અપગ્રેડેશન ઓફ ૧૩૯૬ ગવર્નમેંટ આઇ.ટી.આઇ. થ્રૂ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ** સ્કીમ હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવા માટે **ભારત સરકાર દ્વારા સંસ્થા દીઠ રૂ. ૨૫૦ લાખની વ્યાજમુકત પેશગી દ્વારા નિયત કરાયેલ માપદંડ અનુસાર, પોતાના સરકારી મકાનમાં ચાલતી હોય અને તારીખ ૦૧/૦૧/૨૦૦૭ પહેલા શરૂ કરવામાં આવેલ હોય તેવી સંસ્થાઓને** જ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે અપગ્રેડ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ પેશગી **૧૦ વર્ષના** Moratorium period **બાદ ૨૦ વર્ષના** સમયગાળામાં સમાન વાર્ષિક હપ્તામાં (વાર્ષિક રૂ. ૧૨.૫૦ લાખ) ભારત સરકારને પરત કરવાની થાય છે.

## રાજયમાં આ કેન્દ્ર પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ

- વર્ષ ૨૦૦૭-૦૮માં **૧૯ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૦૮-૦૯માં **૨૨ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૦૯-૧૦માં **૨૫ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૦-૧૧માં **૦૧ ઔદ્યોગિક** તાલીમ સંસ્થા, તથા
- વર્ષ ૨૦૧૧-૧૨માં **૨૪ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,

આમ, ઉપરમુજબ **કુલ ૯૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.**

**ભારત સરકાર દ્વારા નિયત કરાયેલ ઉપરોક્ત માપદંડ ન સંતોષતી હોય તેવી ૧/૦૧/૨૦૦૭ પછી શરૂ થયેલ હોય, નોન એફિલિટેડ હોય, ભાડાના મકાનમાં ચાલતી હોય તેવી સંસ્થાઓને ભારત સરકારની આ યોજનાનો લાભ મળેલ નથી.**

રાજ્ય સરકારના પ્રયત્નોથી નવા સ્થપાતા ઉદ્યોગો માટે કુશળ માનવબળ પૂરું પાડવાની જવાબદારી પુર્ણ કરવા તથા રાજ્યના ઉદ્યોગોને કુશળ માનવબળ મળતા તેમની કાર્યક્ષમતા – ગુણવત્તા તથા ઉત્પાદનક્ષમતામાં વધારો થાય તેમજ રાજ્યના અર્થતંત્રનો વિકાસ થાય તેવા શુભ આશયથી ૧૧૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને ૦૫ વર્ષમાં તબક્કાવાર રાજ્ય પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ,

## આ રાજય પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ

- વર્ષ ૨૦૧૧-૧૨માં **૧૦ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૨-૧૩માં **૧૦ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૪-૧૫માં **૨૦ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ, તથા
- વર્ષ ૨૦૧૫-૧૬માં **૧૦ ઔદ્યોગિક** તાલીમ સંસ્થાઓ,

આમ, ઉપરમુજબ **કુલ ૫૦ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવામાં આવેલ** છે, અને આ માટે રાજ્ય સરકાર દ્વારા સંસ્થા દીઠ ૦૫ વર્ષમાં તબક્કાવાર કુલ **રૂ. ૨૦૦ લાખનું ફંડ** ફાળવવામાં આવે છે.

- સદર નાણાં રાજય સરકારને પરત કરવાના હોતા નથી.
- રાજય પુરસ્કુત યોજના અંતર્ગત પીપીપી હેઠળ અપગ્રેડેશન માટે મશીનરી ઇકવીપમેન્ટ માટે રૂ.૧૫૦.૦૦ લાખ અને અન્ય ખર્ચ માટે રૂ.૫૦ લાખની સહાય આપવામાં આવે છે. સીવીલ વર્કસ માટે આયોજનમાંથી નાણાં ફાળવવામાં આવેલ નથી.
- આ યોજનાની અમલવારીના અન્ય માપદંડો કેન્દ્ર પુરસ્કુત પીપીપી યોજના અનુસાર જ રાખવામાં આવેલ છે.

➢ પીપીપી યોજના અંતર્ગત Tata Chemicals, Suzlon Energy Ltd., Sanghi Cement, Pipavav Shipyard Ltd., D.C.W. Ltd., Cadila Pharma Ltd., J. K. Paper Mills Ltd., Hindustan Unilever Ltd., Batliboi Ltd., NTPC, Maruti Suzuki, Transpec Industries, Geeta machine toos Pvt. Ltd., Atul Motors, GSFC, Guj. Energy Transmission Corporation Ltd., Guj. State Electric Corporation Ltd., Welspun, Ratnamani Metal and Tubes Ltd., Mundra Port and Sez Ltd., Mafatlal Denim, Appolo Construction Equipment Pvt. Ltd., Sonata Ceramic Pvt. Ltd., Tata Motors, Techno Forge Ltd., Atul Ltd., Vimal Microns Ltd., Adani Foundation, Ostin Eng. Co. Ltd. અગ્રગણ્ય ઉધોગગૃહો દ્વારા વિવિધ આઇ.ટી.આઇ.ને અપગ્રેડેશન માટે દત્તક લેવામાં આવી.

➢ પીપીપી યોજના થકી અભ્યાસક્રમોની લોકપ્રિયતા અંગેની સમીક્ષા દ્વારા આઇ.એમ.સી.ના માધ્યમથી બિન-લોકપ્રિય અભ્યાસક્રમોના સ્થાને સ્થાનિક ઉધોગગૃહો માટે જરૂરી અને રોજગારલક્ષી નવીન અભ્યાસક્રમો દાખલ કરી શકાય છે. રાજ્યમાં Ship Building Technician, Advance electrician, sheet metal technician, Carpenter Joiner, Instrument mechanic power plant, Electrician power plant, Auto cad, Hopitality Management basic Training, Pharmaceutical Machinery Mechanic જેવા અભ્યાસક્રમો ઉધોગગૃહોના માર્ગદર્શન-સહકારથી શરૂ કરાયેલ છે.

➢ પીપીપી યોજનાના કારણે ઉધોગો તાલીમી પ્રવુતિઓ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ હોવાના કારણે ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં ઔધોગિક પર્યાવરણનું નિર્માણ થાય અને તાલીમાર્થીઓમાં ઔધોગિક શિસ્ત તથા અનુશાસનનું નિર્માણ થાય છે.

- આ યોજના થકી આઇ.એમ.સી.ને જે તે તાલીમી સંસ્થાના સંચાલન માટે નાણાકીય તથા વહીવટી સત્તાઓની સ્વયતત્તા મળી છે. જેના થકી ઔધોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન માટે સાનુકૂળ પરિસ્થિતીનું નિર્માણ થયેલ છે.
- આ યોજના થકી, ઉધોગોના સહયોગથી ઇંન્ડસ્ટ્રીયલ વિઝિટ, ઓન જોબ ટ્રેનીંગ, જોબ ફેર, પ્લેસમેંટ, ખાસ પ્રકારના વર્કશોપ, સેમિનાર, કારકિર્દી/વ્યવસાયલક્ષી માર્ગદર્શન, ઉધોગ જગતના નિષ્ણાતો દ્વારા તાલીમાર્થીઓ, પ્રશિક્ષકોને તાલીમ તથા આધુનિક ટેક્નોલૉજીનું જ્ઞાન વગેરે પ્રવૃતિઓને વેગ મળે છે, જેના કારણે રોજગારલક્ષી તાલીમી ગુણવત્તાનું સ્તર ઊંચું આવે છે.
- આ યોજના થકી, વિવિધ સંસ્થાઓમાં માંગ આધારિત વ્યવસાયો શરૂ કરી સરકારી ધારાધોરણ ઉપરાંત વધુ તાલીમી ફી દ્વારા તથા જોબવર્ક કરીને રેવન્યુ જનરેશન કરી શકાય છે.
- ઉધોગોમાંથી જોબવર્ક મેળવી "Earn while you learn" થીયરી મુજબ તાલીમાર્થીઓ તાલીમની સાથે સાથે કમાણી પણ કરી શકે છે.

---

**આ યોજનાના ફાયદાઓઃ-**

૧. રાજયની ઔ. તા. સંસ્થાઓ જાહેર અને ખાનગી ભાગીદારીથી વધુ સુસજ્જ થશે.

૨. ઔ. તા. સંસ્થાનું સંપૂર્ણ આધુનિકરણ થશે.

૩. ઉદ્યોગોને જરૂરી એવા કોર્ષની તાલીમ માટેના ઇન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ થશે.

૪. ઉદ્યોગોને પોતાની જરૂરીયાત મુજબ તાલીમબધ્ધ માનવબળ મળી રહેશે.

૫. ઉદ્યોગોને પોતાની જરૂરીયાત મુજબના નવિન વ્યવસાયો શરૂ કરી શકશે અને કુશળ માનવબળ મળતાં તેમના ઉત્પાદનોની ગુણવત્તા તથા ઉત્પાદકતામાં વધારો થશે.

૬. આઇ.એમ.સી.ને મળેલ સ્વાયત્તા મુજબ ઉદ્યોગોને જરૂરી તથા રોજગાર મળી શકે તેવા વ્યવાસાયો શરૂ કરી શકાશે

૭. ઔ. તા. સંસ્થાઓના જુદા જુદા અભ્યાસક્રમોની ગુણવત્તામાં વૃધ્ધિ લાવી શકાશે.

૮. તાલીમની ગુણવત્તામાં સુધારો તથા તાલીમની કક્ષા ઉંચી લાવી શકાશે.

૯. તાલીમાર્થીઓને વિશ્વસ્તરનું શિક્ષણ મળી શકશે.

૧૦. દેશ તથા વિદેશમાં યોગ્ય રોજગારીની તકો વધશે.

૧૧. રોજગાર વાંચ્છુઓને રોજગારી/સ્વરોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો થશે.

૧૨. રાજયના અર્થતંત્રના વિકાસમાં મદદરૂપ બની રહેશે.

૧૩. રાજયની તમામ ઐ. તા. સંસ્થાઓનો એકસમાન વિકાસ

૧૪. ડ્રોપ આઉટ રેશીયામાં ઘટાડો થશે.

List of Industry Partners Selected for upgradation of ITIs under PPP Mode

| Sl.No. | Name of ITI | Name of Industries |
|---|---|---|
| Year-2007-08 | | |
| 1 | Dwarka | Tata Chemicals Ltd. |
| 2 | Rapar | Suzlon Energy Ltd |
| 3 | Panandhrow | Sanghi Cement ltd. |
| 4 | Rajula | Pipavav Shipyard Ltd. |
| 5 | Dhrangadhra | DCW Ltd. |
| 6 | Valiya | Cadila Pharma.Ltd |
| 7 | Ukai | J.K.Paper Mills |
| 8 | Mandvi(Kutch) | Ashapura Minechem Ltd |
| 9 | Keshod | Hindustan Uniliver Ltd |
| 10 | Khedbrahma | Asian Granito Ltd |
| 11 | Mahuva | Pipavav Shipyard Ltd. |
| 12 | Savli | M/s.Gols Technical & Vocational Education, Vadodara |
| 13 | Talala | Max Precision Bearing Pvt Ltd |

| | | |
|---|---|---|
| 14 | Bardoli | Batliboi Ltd |
| 15 | Balisana | Apollo Industrial Product Ltd. |
| 16 | Lunawada | Inox India Ltd. |
| 17 | Dhandhuka | Cadila Pharma.Ltd. |
| 18 | Waghodiya | Jord Engg.India Ltd |
| 19 | Naswadi | Danke Electrical Ltd. |
| | Year-2008-09 | |
| 20 | Kalol | Electrotherm India Ltd, Ahmedabad |
| 21 | Palsana | ABG Shipyard Ltd. Magdalla Surat |
| 22 | Olpad | NTPC Ltd.Kawas Gas Power Project, Mora |
| 23 | Thaltej | Pidilite Industries |
| 24 | Gorwa | Banco Products (India)ltd Vadodara |
| 25 | Zalod | Setco Automotive Ltd. Kalol |
| 26 | Matar | Alpha Nippons Innovatives Ltd., Changodar Ahmedabad |
| 27 | Balashinor | JSL industries Ltd Anand |
| 28 | Sankheda | Kusters Calico Machineries Ltd., |
| 29 | Jabugam | Kemroc Industries & Exports Ltd. Vadodara |
| 30 | Dahegam | Gelco Electronics Pvt. Ltd, Ahmedabad |
| 31 | Sanand | Transformer and Rectifiers India Ltd. |
| 32 | Bharuch | Jindal Shipyard Ltd Bharuch |
| 33 | Patdi | DCW Ltd. Dhrangadhra |
| 34 | Viramgam | Maruti Suzuki India Ltd., |
| 35 | Jamkhambhaliya | Gujarat NRE Coke Ltd. |
| 36 | Porbandar | Orient Abrasive Ltd. Porbandar |
| 37 | Padra | Transpek Industry Ltd., Vadodara. |
| 38 | Bhanvad | Geeta Machine Tools Pvt. Ltd. Jamnagar. |
| 39 | Anand (Women) | Atlanta Electricals Pvt. Ltd. Anand. |

| | | |
|---|---|---|
| 40 | Dhoraji | Atul Motors Pvt. Ltd. Rajkot |
| 41 | Dharampur | T.C.P.L. Packaging Ltd., Silvasa |
| Year-2009-10 | | |
| 42 | Nizar | Gujarat State Electricity Corporation Ltd. |
| 43 | Uchchhal | Gujarat State Electricity Corporation Ltd |
| 44 | Zankhvav | Gujarat Industries Power Company Ltd |
| 45 | Dediyapada | Gujarat Industries Power Company Ltd |
| 46 | Chhotaudepur | Madhya Gujarat Vij Company Ltd. |
| 47 | Amirgadh | Gujarat Energy Transmission Corporation Ltd. |
| 48 | Harij | Gujarat Energy Transmission Corporation Ltd. |
| 49 | Una | GHCL Ltd. Sutrapada |
| 50 | Mandvi (Surat) | Gujarat State Fertilizers and Chemical Ltd. Kosamba |
| 51 | Chandkheda | Radisson Blu Hotel |
| 52 | Vansda | Welspun India Ltd. Valsad |
| 53 | Vijapur | Ratnamani Metals and Tubes Ltd. Chhatral. |
| 54 | Deesa | Mundra Ports and SEZ Ltd. |
| 55 | Devgadhbaria | Zeus International Godhra |
| 56 | Chikhali | Mafatlal Denim Ltd. Navsari |
| 57 | Kapadvanj | C.M. Smith and Sons Ltd. Nadiad. |
| 58 | Agasi | Alok Industries Ltd. Valsad |
| 59 | Chotila | Newage Industries Surendranagar |
| 60 | Kalawad | Anand Enterprise,Veraval |
| 61 | Valod | Rameshwar Textiles Ltd. |
| 62 | Siddhpur | Apollo Construction Equipments Pvt. Ltd |
| 63 | Kumbhariya | Vimal Microns Ltd. |
| 64 | Idar (Women) | Sonata Ceramica Pvt.Ltd. Himmatnagar |
| 65 | Khambhat | Oswal Machinery Ltd. Anand. |

| | | |
|---|---|---|
| 66 | Rajkot City, (Mahila ) | Amul Industries Pvt.Ltd. |
| Year-2010-11 | | |
| 67 | Ganesh Sisodara | Bhagyarekha Engineers Pvt.Ltd., |
| Year-2011-12 | | |
| 68 | Bayad | Century Tiles Ltd., Gadhoda |
| 69 | Gandeva | J.R.Dying & Printing Mills Pvt. Ltd., |
| 70 | Sagbara | Atul Ltd.,(Aromatics Div., |
| 71 | Savarkundla | Pipavav Shipyard Ltd., |
| 72 | Morbi | Face Ceramics Pvt. Ltd., |
| 73 | Meghraj | Patel Airtemp (India) Ltd., Rakanpur |
| 74 | Kukavav | Tata Motors Ltd., |
| 75 | Zagadiya | Technoforge Ltd., Ankleshwar |
| 76 | Tilakwada | Rishi Lasor Ltd. Vadodara |
| 77 | Radhanpur | Vimal Oil & Foods Ltd., Mehsana |
| 78 | Vijaynagar | Asian Granito India Ltd., Prantij, Sabarkantha |
| 79 | Tharad | Vimal Microns Ltd. |
| 80 | Shahera | Mekaster Engg.Ltd., Halol |
| 81 | Diwada Colony | Rubamin Ltd., Dunia,Halol |
| 82 | Karcheliya | Kohinoor Techno Engineers Ltd., Surat |
| 83 | Valsad(Mahila) | M/s.Excel Alugraphics Pvt.Ltd., Valsad |
| 84 | Navsari(Mahila) | Mafatlal Denim Ltd., Navsari |
| 85 | Khergam | Atul Ltd., Valsad |
| 86 | Rajpipla | Rishi Lasor Ltd., Vadodara |
| 87 | Wankaner | Shri Amarsinhji Mills, Wankaner |
| 88 | Ghogha | Pipavav Shipyard Ltd., Ucchaiya |
| 89 | Palitana | Pipavav Shipyard Ltd., Ucchaiya |
| 90 | Vadiya | Pipavav Shipyard Ltd., Ucchaiya |

| | | |
|---|---|---|
| 91 | Dhrol | Atul Automotives, Jamnagar |

## List of Industry Partners Selected for upgradation of ITIs under State Sponsored PPP Scheme

| Sl.No. | Name of ITI | Name of Industries |
|---|---|---|
| Year 2011-12 | | |
| 1 | Gorwa(Mahila) | Comed Chemicals, Vadodara |
| 2 | Talaja | Par Drugs & Chemical Pvt.Ltd.,Bhavnagar |
| 3 | Maninagar | Tata Autocom System Ltd.,Ahmedabad |
| 4 | Mundra | Adani Foundation, Ahmedabad |
| 5 | Jamnagar (Mahila) | Gokul Associates, Jamnagar |
| 6 | Vadgam | Tata Motors Ltd., |
| 7 | Kwant | Nakoda Products,Waghodiya |
| 8 | Dahod (Mahila) | Shree Laxminarayan Automobiles,Dahod |
| 9 | Kaparada | Aarti Industries Ltd.,Vapi |
| 10 | Umarpada | Shahlon Industries Pvt.Ltd.,Karanj |
| Year 2012-13 | | |
| 11 | Mandal | Maruti Suzuki India Ltd. |
| 12 | Detroj | Maruti Suzuki India Ltd. |
| 13 | Kadi | Maruti Suzuki India Ltd. |
| 14 | Becharaji | Maruti Suzuki India Ltd. |
| 15 | Bavla | Harsha Engineers Ltd.,Changodar |
| 16 | Upleta | Rollex Ring Pvt.Ltd., Rajkot |
| 17 | Mendarda | Austin Engg.Co.Ltd., Bheshan |
| 18 | Ghoghamba | M/s.Gols Technical & Vocational Education, Vadodara |
| 19 | Dhanpur | M/s.Gols Technical & Vocational Education, Vadodara |
| 20 | Kaalol | M/s.Gols Technical & Vocational Education, Vadodara |

| | | |
|---|---|---|
| Year 2014-15 | | |
| 21 | Maninagar(Mahila) | Tarasafe International Pvt.Ltd.,Ahmedabad |
| 22 | Gandhinagar(Mahila) | Sahjanand Laser Technology Ltd., Gandhinagar |
| 23 | Jafrabad | Pidilite Industries |
| 24 | Dabhoi | Baroda Moulds & Dies, Waghodiya,Dist.Vadodara |
| 25 | Bhavnagar (Mahila) | Pidilite Industries Limited, Andheri, Mumbai |
| 26 | Sihor | Sarvottam Atta Pvt.Ltd., Sihor |
| 27 | Umrala | Par Drugs & Chemicals Pvt.Ltd., Chitra, Bhavnagar |
| 28 | Junagadh (Mahila) | Austin Engineering Co.Ltd., PATLA |
| 29 | Bheshan | Austin Engineering Co.Ltd., PATLA |
| 30 | Visavadar | Austin Engineering Co.Ltd., PATLA |
| 31 | Mangrol | Austin Engineering Co.Ltd., PATLA |
| 32 | Lalpur | Geeta Machine Tools Pvt.Ltd., Jamnagar |
| 33 | Paddhari | Shree Gurukrupa CottonIndustries, Rajkot |
| 34 | Rajkot(Disable) | Shaildeep Engineering Pvt.Ltd., Rajkot |
| 35 | Rajkot(Morbi Road) | J-CAM Engineering Corporation, Rajkot |
| 36 | Kathlal | Ami Pigments Pvt.Ltd., Ahmedabad |
| 37 | Kodinar | Ambuja Cement Ltd., Kodinar, Dist.Gir Somnath |
| 38 | Veraval | Indian Rayon, Veraval, Dist.Gir Somnath |
| 39 | Sutrapada | GHCL Limited, Sutrapada, Dist.Gir Somnath |
| 40 | Surat(Mahila) | UPL(United Phosphorus Limited), Vapi, Dist.Valsad |
| Year 2015-16 | | |
| 41 | Dholka | Oerlikon Graziano Trasmissioni India Pvt. Ltd., Greater Noida, Gautam budh nagar |
| 42 | Petlad | Honda Motorcycle and Scooter India PVt. Ltd., Gurgaon |
| 43 | Botad | Jay Bhavani Engineering Works Botad |
| 44 | Vallbhipur | Excel crop care Ltd, Bhavnagar |

| | | |
|---|---|---|
| 45 | Kalyanpur | Education for Employment Foundation, Gurgaon |
| 46 | Amod | UPL Limited, Vapi. |
| 47 | Sachin (Women) | Pidilite Industries Limited, Mumbai |
| 48 | Modasa (Women) | Pragna Dychem Pvt. ltd. Ankleshwar |
| 49 | Godhra (Women) | Oerlikon Graziano Trasmissioni India Pvt. Ltd., Greater Noida, Gautam budh nagar. |
| 50 | Gota -Ranip | Pidilite Industries Ltd. |

## ભારત સરકારની પીપીપી યોજના તથા રાજ્ય પુરસ્કૃત પીપીપી યોજનાની તુલના

| *અ.નં.* | *ભારત સરકારની પીપીપી યોજના* | *રાજ્ય પુરસ્કૃત પીપીપી યોજના* |
|---|---|---|
| ૧. | ભારત સરકારની વ્યાજમુકત લોનથી આઇ.ટી.આઇ.ઓનું અપગ્રેડેશન હાથ ધરવાનું છે. | રાજ્ય સરકારના ફંડથી આઇ.ટી.આઇ.ઓનું અપગ્રેડેશન હાથ ધરવાનું છે. |
| ૨. | સંસ્થા દીઠ પ્રોજેકટ કોસ્ટ રૂ. ૨૫૦.૦૦ લાખ છે. | સંસ્થા દીઠ પ્રોજેકટ કોસ્ટ રૂ. ૨૦૦.૦૦ છે. |
| ૩. | ભારત સરકારની લોન ૧૦ વર્ષ બાદ ૨૦ વર્ષના વાર્ષિક રૂ. ૧૨.૫૦ લાખના હપ્તાથી પરત ચૂકવણી કરવાની છે. | ફંડ આપેલ હોવાથી પરત કરવાના રહેતા નથી. |
| .૪. | આપેલ લોનમાંથી ૫૦ ટકા સુધીના ફંડની સીડમની ડિપોઝીટ કરવાની જોગવાઇ છે. | ફંડ પરત કરવાનુ ન હોવાથી સીડમની ડિપોઝીટ કરવાની જોગવાઇ નથી. |
| ૫. | આ સ્કીમમાં ૧-૧-૨૦૦૭ પહેલા શરૂ થયેલ અને માત્ર પોતાનું મકાન ધરાવતી સંસ્થાઓને આવરી લેવામાં આવે છે. | આ સ્કીમમાં ૧-૧-૨૦૦૭ પછી શરૂ થયેલ અને પોતાનુ મકાન ન ધરાવતી હોય/ ભાડાના મકાનવાળી સંસ્થાઓને પણ આવરી લેવામાં આવે છે. |
| ૬. | ઉધોગો, રાજય સરકાર તથા ભારત સરકાર વચ્ચે ત્રીપક્ષીય એમ.ઓ.એ. કરવમાં આવે છે. | ઉધોગો તથા રાજય સરકાર વચ્ચે દ્વીપક્ષીય એમ.ઓ.એ. કરવામાં આવે છે. |
| ૭. | ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે આઇ.એમ.સી.ને જરુરી સ્વાયતતા આપવામાં આવે છે. | ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે જ રાજય પુરસ્કૃત પીપીપી યોજનાની આઇ.એમ.સી.ને જરૂરી સ્વાયતતા આપવામાં આવે છે. |